દાખલ તારીખ ઃ– ૨૦/૦૨/૨૦૧૭
નોંધ્યા તારીખ ઃ– ૨૦/૦૨/૨૦૧૭
**ફેંસલ તારીખ ઃ– ૩૧/૦૮/૨૦૧૯**
સમયગાળો ઃ– વર્ષ – માસ – દિવસ
૦૨ – ૦૬ – ૧૧

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦

**પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ.પાટણ.**

૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦

**સેશન્સ કેસ નંબરઃ– ૧૭/૨૦૧૭.**

આંક ઃ– ૫૯.

***ફરીયાદી*** ઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિરૂધ્ધ**

***આરોપી*** ઃ– પ્રહલાદભાઈ ઉર્ફે ભટો મફાભાઈ હરીભાઈ સેનમા,
ઉ. વ. – ૩૬.
રહે. મુડાણા, હરીજનવાસ, તા. સિધ્ધપુર, જી. પાટણ.

**ગુનો ઃ–** ઈ. પી. કોડની કલમ – ૩૭૬, ૫૦૬(૨) મુજબ.....

**************************************************
// ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી જે.જે.બારોટ //
// આરોપી તરફે લીગલ એઈડ વિદ્વાન વકીલ શ્રી એમ.એસ.શેખ //
**************************************************

## // જજમેન્ટ //

(૦૧) આ કામના આરોપી વિરૂદ્ધ આ અદાલત દ્વારા તા.૨૮/૦૭/૨૦૧૭ ના રોજ ઈ. પી. કોડની કલમ – ૩૭૬, ૫૦૬(૨) મુજબનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ હતુ. તહોમતનામાની હકીકત મુજબ તા.૧૦/૧૧/૨૦૧૬ ના રોજ સવારના ૧૦–૩૦ વાગ્યાના અરસામાં ભોગ બનનાર બહેન ઘરે એકલા હતા ત્યારે આરોપીએ તેણીના ઘરે કોઈ ન હોઈ પાણી પીવાના બહાને આવી પાણી માંગી, તેણીના ઘરમાં પેસી જઈ, દરવાજો બંધ કરી, તેણીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ(બળાત્કાર) કરેલ અને તેણીના પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી આ કૃત્ય આચરેલ.

(૦૨) હાલનો આ કેસ ઈ. પી. કોડની કલમ – ૩૭૬ હેઠળનો હોઈ ફરીયાદી કે જે ભોગ બનનાર બેન છે તેણીના નામનો સમગ્ર ચુકાદામાં ક્યાંય ઉલ્લેખ નામ. સુપ્રિમ કોર્ટના ડાયરેક્શન અન્વયે કરવામાં આવેલ નથી.

(૦૩) ફરીયાદની ટુકમાં હકીકત એવી છે કે, ફરીયાદીના પતિ છુટક મજુરી કરે છે. તા.૧૦/૧૧/૨૦૧૬ ના રોજ સવારના ૧૦–૩૦ વાગ્યાના સુમારે તેણી ઘરે એકલી હતી. તેણીના સાસુ, સસરા અને દિયર કામ અર્થે બહાર ગયેલ હતા. ત્યારે ગામના પ્રહલાદભાઈ ઉર્ફે ભટો મફાભાઈ સેનમા(આરોપી) આવેલ અને કહેલું કે તમારા ઘરના માણસો ક્યાં છે. તેના જવાબમાં ફરીયાદી બહેને જણાવેલ કે, કામ અર્થે બહાર ગયેલ છે. તેથી પ્રહલાદભાઈ ઉર્ફે ભટાએ પાણી પીવડાવવાનું કહેતા તેણી ઘરમાં પાણી લેવા ગયેલ તે વખતે આરોપીએ એકદમ ઘરમાં આવી ગયેલ અને દરવાજો બંધ કરી દીધેલ અને તેણીને બાથમાં નાંખી શરીર સંબંધ કરવાની વાત કરતા, તેણીએ ના પાડેલ, જેથી આરોપીએ ધમકી આપેલ કે, તું જો મને વશ નહીં થાય તો તને અને તારા પતિને હું જીવતા નહીં રહેવા દઉ. જેથી તેણી ધમકીથી ડરી ગયેલ. જેથી આ પ્રહલાદ ઉર્ફે ભટાએ તેણીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ(બળાત્કાર) કરેલ. તે પછી તેણીના પતિ, સાસુ, સસરા અને દિયર કામથી આવતા, પ્રહલાદ ઉર્ફે ભટો ઘરેથી દોડીને નાસી ગયેલ. આ બનાવની વાત ઘરના માણસોને કરવામાં આવેલી. જેથી તેણીના

પતિ જીતુજી ઠાકોર તથા પતિના મિત્ર દશરથજી ઠાકોર, પ્રહલાદ ઉર્ફે ભટાના ઘરે ઠપકો આપવા ગયેલ. તેનું મનદુઃખ રાખી ફરીયાદીના પતિ તેમજ પતિના મિત્ર ઉપર ખોટી એટ્રોસીટીની ફરીયાદ કરેલ. સમાજમાં આબરૂ ન જાય તેની બીકે જે તે સમયે પોલીસ ફરીયાદ કરેલ નહીં, પરંતુ આ પ્રહલાદ ઉર્ફે ભટો રસ્તામાં મળતો હોય ત્યારે ખરાબ નજરે જોતો હોઈ ફરીવાર ખરાબ કામ કરશે તેવી બીકે મન મક્કમ કરી સિદ્ધપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. આ ફરીયાદી તેણીએ તા.૧૫/૧૧/૨૦૧૬ ના રોજ નોંધાવેલ.

(૦૪) આ ફરીયાદ તેણીએ સામાજીક કાર્યકર, જયોત્સનાબેન ઠાકોરની હાજરીમાં પી.આઈ., ડૉ. જે.બી.પંડીત સાહેબ રૂબરૂ આપેલી. જેઓએ આ ફરીયાદ સ્વીકારી સિદ્ધપુર પોલીસ સ્ટેશનમાં રજીસ્ટર કરવા સારૂ મોકલી આપેલ અને આ ફરીયાદ રજીસ્ટર કર્યા પછી ફર્સ્ટ ગુના રજી. નં. ૧૧૭/૨૦૧૬, ઈ. પી. કોડની કલમ – ૩૭૬, ૫૦૬(૨) મુજબ નોંધાયેલ અને આગળની તપાસ પી.એસ.આઈ. અલ્પેશકુમાર પટેલનાઓએ સંભાળેલી. તપાસના કામમાં શ્રી પટેલનાઓએ ફરીયાદી બહેનની મેડીકલ ચકાસણી કરાવેલી તેમજ સાહેદ બાબુજી, હીરાબેન, જીતુજી, દશરથજી વિગેરે સાહેદોના નિવેદન લીધેલ. ભોગ બનનાર બહેને બનાવ સમયે પહેરેલ કપડા કબજે કરેલ, તેણીની શરીર સ્થિતિનું પંચનામું કરેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, આરોપીને અટક કરેલો, આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા પંચનામાની રૂએ કબજે કરેલ, આરોપીનું મેડીકલ કરાવેલ અને ફરીયાદી તેમજ આરોપીની મેડીકલ ચકાસણી દરમિયાન કબજે લીધેલ નમુના એફ.એસ.એલ. તરફ મોકલેલા અને એફ.એસ.એલ. રીપોર્ટ અને સીરોલોજી વિભાગનો રીપોર્ટ મેળવેલ. આમ, પુરતી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુના અંગેનું ચાર્જશીટ કરવામાં આવેલું.

(૦૫) આરોપીને જે તે સમયે અદાલત દ્વારા યોગ્ય રકમના જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ, પરંતુ આરોપી તહોમતનામુ ફરમાવ્યા પછી અત્રેની અદાલતમાં હાજર રહેતા ન હોઈ, પકડ વોરંટ કાઢવામાં આવેલ અને પકડ વોરંટના આધારે આરોપી તા.૦૧/૦૨/૨૦૧૯ થી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આમ, આ કેસ તા.૦૧/૦૨/૨૦૧૯ થી અંડર ટ્રાયલ ચાલેલ છે.

(૦૬) આરોપી વિરૂદ્ધ આંક – ૯ થી ઉપર મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. તે પછી ફરીયાદ પક્ષનો પુરાવો નીચે મુજબ રેકર્ડ કરવામાં આવેલ છે.

| અ.નં. | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફ. સા. નં. ૧, ભાવનાબેન ચંદુજી ઠાકોર(ભોગ બનનારના કપડા કબજે કરતા પંચનામાના પંચ) | ૧૪ |
| ૨ | ફ. સા. નં. ૨, રોહીતભાઈ રમેશભાઈ સેનમા(આરોપીના કપડા કબજે કરતા પંચનામાના પંચ) | ૧૭ |
| ૩ | ફ. સા. નં. ૩, રમેશજી જવાનજી ઠાકોર(ભોગ બનનારની શરીરસ્થિતિ તથા કપડા કબજે કરતા પંચનામાના પંચ) | ૨૧ |
| ૪ | ફ. સા. નં. ૪, શ્રવણભાઈ ચેતનભાઈ કાંગસીયા(આરોપીના કપડા કબજે કરતા પંચનામાના પંચ) | ૨૩ |
| ૫ | ફ. સા. નં. ૫, ડૉ. હીરલબેન શ્રીધનકુમાર પ્રજાપતિ(ભોગ બનનારની શારીરીક ચકાસણી કરનાર તબીબશ્રી) | ૨૪ |
| ૬ | ફ. સા. નં. ૬, નરેશજી સેધાજી ઠાકોર(ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ) | ૨૯ |
| ૭ | ફ. સા. નં. ૭, ડૉ. હીતેશભાઈ આનંદભારથી ગોસાઈ(ભોગ બનનારની શારીરીક ચકાસણી કરનાર તબીબશ્રી) | ૩૧ |
| ૮ | ફ. સા. નં. ૮, ડૉ. આબીદખાન નાસીરખાન પઠાણ(આરોપીની શારીરીક ચકાસણી કરનાર તબીબશ્રી) | ૩૪ |
| ૯ | ફ. સા. નં. ૯, ડૉ. જીગર ભરતકુમાર પંડીત(ફરીયાદ લેનાર પી.આઈ.) | ૩૮ |
| ૧૦ | ફ. સા. નં. ૧૦, જયોત્સનાબેન કાંતિજી ઠાકોર(સામાજીક કાર્યકર) | ૪૧ |
| ૧૧ | ફ. સા. નં. ૧૧, અલ્પેશકુમાર ત્રિભોવનદાસ પટેલ(તપાસ કરનાર અમલદાર) | ૪૬ |
| ૧૨ | ફ. સા. નં. ૧૨, હીરાબેન બાબુજી ઠાકોર(સાહેદ) | ૫૨ |
| ૧૩ | ફ. સા. નં. ૧૩, બાબુજી પ્રધાનજી ઠાકોર(સાહેદ) | ૫૩ |
| ૧૪ | ફ. સા. નં. ૧૪, જીતુજી બાબુજી ઠાકોર(સાહેદ) | ૫૪ |
| ૧૫ | ફ. સા. નં. ૧૫, ભોગ બનનાર | ૫૬ |

(૬.૧) આ ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ છે.

| અ.નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભોગ બનનારની શરીરસ્થિતિ તથા કપડા કબજે કરતું પંચનામું. | ૧૫ |
| ૨ | પંચોની સહીવાળી સ્લીપો. | ૧૬ |
| ૩ | આરોપીની શરીરસ્થિતિ તથા કપડા કબજે કરતું પંચનામું. | ૧૮ |
| ૪ | પંચોની સહીવાળી સ્લીપો. | ૧૯ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૨૨ |
| ૬ | ભોગ બનનારની મેડીકલ તપાસણી કરવા મેડી. ઓફીસરને કરેલ યાદી. | ૨૫ |
| ૭ | ભોગ બનનારના ઓ.પી.ડી. કેસ પેપર્સ. | ૨૬ |
| ૮ | ભોગ બનનારની શારીરીક તપાસણી અંગેનું સર્ટીફીકેટ. | ૨૭ |
| ૯ | એફ.એસ.એલ.માં નમુના મોકલેલ તેનો ફોરવર્ડીંગ લેટર | ૨૮ |
| ૧૦ | ભોગ બનનારનું શારીરીક તપાસણી અંગેનું મેડીકલ સર્ટીફીકેટ. | ૩૨ |
| ૧૧ | રીફર ચીટ તથા બંને ડૉક્ટરોના અસલ કેસ પેપર્સ. | ૩૩ |
| ૧૨ | આરોપીની શારીરીક તપાસણી અંગેનું મેડીકલ સર્ટીફીકેટ. | ૩૫ |
| ૧૩ | ફરીયાદ. | ૩૯ |
| ૧૪ | ગુનો રજીસ્ટર કરવા માટે કરેલ યાદી. | ૪૦ |
| ૧૫ | મુદ્દામાલ રવાનગી નોંધ. | ૪૭ |
| ૧૬ | એફ.એસ.એલ. અમદાવાદનો ફોરવર્ડીંગ પત્ર. | ૪૮ |
| ૧૭ | એફ.એસ.એલ. અમદાવાદનો તપાસણી અહેવાલ. | ૪૯ |
| ૧૮ | એફ.એસ.એલ. અમદાવાદનો સીરોલોજી વિભાગનો અહેવાલ. | ૫૦ |
| ૧૯ | ડેપ્યુટ હુકમ. | ૫૧ |

આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આંક – ૫૭ થી વધુ સાહેદો તપાસવા માંગતા નથી તે બાબતની ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૦૭) આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ હેઠળ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતે નિર્દોષ છે અને ખોટી રીતે કેસ કરેલ છે અને મેં પણ ફરીયાદ પક્ષ ઉપર કેસ કરેલ હોઈ બદલો લેવા મારી ઉપર આ ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે તેમજ પોતે તબીબશ્રી સમક્ષ કેસ હીસ્ટ્રીમાં શરીર સંબંધ બાંધેલાની હકીકત જણાવેલ તેનો અદાલત રૂબરૂ ઈન્કાર કરેલ છે.

(૦૮) આ કામમાં ઉપર મુજબની હકીકતે નીચે મુજબના મદ્દા ઉપસ્થિત થાય છે.

// **મુદ્દા** //

(૧) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૦/૧૧/૨૦૧૬ ના રોજ સવારના ૧૦–૩૦ વાગ્યાના સુમારે ફરીયાદી /ભોગ બનનાર ઘરે એકલા હતા ત્યારે તેણીની સંમતિ અને મરજી વિરૂદ્ધ શરીર સંબંધ/બળાત્કાર કરી, ઈ. પી. કોડની કલમ – ૩૭૬ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું ફરીયાદી પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર બેનને જાનથી મારી નાંખવાની ધમકી આપી, આ દુષકૃત્ય કરી, ઈ. પી. કોડની કલમ – ૫૦૬(૨) મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૦૯) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હા.

(૨) હા.

(૩) આખરી હુકમ મુજબ.

## // કા ર ણો //

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટની દલીલ સાંભળી. આરોપી તરફે લીગલ એઈડ વિ. વકીલ શ્રી એમ.એસ.શેખને સાંભળ્યા.

(૧૧) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. જે.જે.બારોટની મુખ્યત્વે ટુંકમાં દલીલ એવી છે કે, આ કામમાં પંચો હોસ્ટાઈલ થયેલ છે, પરંતુ તબીબશ્રીનો પુરાવો વાંચતા શરીર સંબંધ બાંધેલાની હકીકત નીકળી આવે છે. આરોપી શરીર સંબંધ બાંધવા સક્ષમ છે તે હકીકત પણ નીકળી આવે છે. જે શબ્દો કેસ હીસ્ટ્રીમાં છે તે જ શબ્દો ભોગ બનનારે ફરીયાદમાં જણાવેલ છે. આ પ્રકારના કેસમાં ભોગ બનનારનો પુરાવો જો વિશ્વસનીય અને ભરોસાપાત્ર જણાય તો

એકમાત્ર તેણીના પુરાવા ઉપર આધાર રાખી અદાલત સજા કરી શકે. તેમ જણાવી એવી દલીલ કરેલ છે કે, આ કામમાં ભોગ બનનારનો પુરાવો વાંચતા તેણી ઘરે એકલી હતી ત્યારે પાણી પીવાના બહાને તેણીના ઘરમાં પેસી જઈ, તેણીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધેલ છે. ગામડામાં સ્વાભાવિક પણે સવારના સમયે ઘરના પુરૂષ સભ્યો ખેત મજુરીએ જાય, સ્ત્રી વર્ગ ઘરમાં એકલો હોય ત્યારે આ દુષકૃત્ય સંભવી શકે. તેણીના આ પુરાવાને તબીબશ્રીના પુરાવાથી સમર્થન મળે છે. તેણીના શરીર ઉપરની ઈજા થયેલ તે તબીબશ્રીએ પોતાના મૌખિક પુરાવામાં જણાવેલ છે. આમ, તેણી ઉપર બળજબરી થઈ છે, બળ વાપરવામાં આવ્યું છે અને તેણીના પીઠ અને બાવડાના ભાગે ઈજા થયેલ છે. બનાવના પાંચ દિવસ પછી ફરીયાદ અપાયેલ છે, છતાં પણ શરીર ઉપરની ઈજાઓ તબીબશ્રી સમક્ષ નીકળી આવે છે. તેણીને પાંચ માસનો ગર્ભ હતો. આ સંજોગો લક્ષમાં લેતા આરોપી તબીબશ્રી સમક્ષની કેસ હીસ્ટ્રીમાં તેણીની સંમતિ હતી એવી હકીકત જણાવે છે તે માની શકાય તેમ નથી. ભોગ બનનાર ૧૯-૨૦ વર્ષની યુવાન સ્ત્રી છે. જયારે આરોપી બનાવ સમયે ૩૬ વર્ષના હતા. આ સંજોગોમાં તેણી આમંત્રણ આપી બોલાવે અથવા તો પ્રેમ સંબંધ હોય આ શક્યતા સહેજપણ રહેલ નથી, ઉપરાંત તેણી પરણીત છે. આ રેકર્ડ ઉપરનો પુરાવો વાંચતા તેણીના ઘરે શરીર સંબંધ આરોપીએ બળજબરીથી બાંધેલ છે તે હકીકત સ્પષ્ટ થાય છે. આ હકીકત તેણીએ પોલીસ રૂબરૂ સામાજીક કાર્યકરની હાજરીમાં જણાવેલ છે અને તેની ફરીયાદ લેવામાં આવેલ છે. આમ, સામાજીક કાર્યકર કે જે તટસ્થ વ્યક્તિ છે, થર્ડ પાર્ટી છે, આરોપી સાથે કોઈ દુશ્મનાવટ નથી કે ભોગ બનનારના સગા નથી. આમ, ફરીયાદી/ભોગ બનનારનો મૌખિક પુરાવો, કેસ હીસ્ટ્રી, તબીબશ્રીઓનો પુરાવો અને એફ.એસ.એલ. રીપોર્ટનું સમર્થન આ તમામ પુરાવો વાંચતા ફરીયાદ પક્ષ કેસ શંકાથી પર પુરવાર કરતા હોઈ ભોગ બનનારને વળતર અપાવી, આરોપીને આ ગુના હેઠળ તકસીરવાન ઠરાવવા ભારપુર્વક દલીલ કરેલ છે.

(૧૧.૧) વિ.એ.પી.પી.શ્રીની એવી પણ દલીલ હતી કે, ભોગ બનનાર બહેનને વશમા કરવા માટે આરોપીએ તેણીના પતિને જીવતો નહીં રહેવા દે, તેવી ધમકી આપેલ છે. આમ, જાનથી મારી નાંખવાની ધમકી આપેલાની હકીકત પણ ફરીયાદ પક્ષ પુરવાર કરે છે. આમ, ધમકી હેઠળનું આ કૃત્ય હોય કદાચ સંમતિ કહેવામાં આવે તો પણ સંમતિ માની શકાય નહીં. આમ, ઈ. પી. કોડની કલમ - ૩૭૬, ૫૦૬(૨) હેઠળ આરોપીને તકસીરવાન

ઠરાવવા ભારપુર્વક દલીલ કરેલ છે.

(૧૨) આરોપી પક્ષ તરફે વિ. વકીલશ્રી એમ.એસ.શેખની મુખ્યત્વે એવી દલીલ થયેલ છે કે, પંચો હોસ્ટાઈલ થયેલ હોઈ ગુનાવાળી જગ્યા પુરવાર થતી નથી. શરીર સ્થિતિના પંચનામા પુરવાર થતા નથી. તબીબશ્રીનો પુરાવો વાંચતા ડૉ. હીરલબેન સમક્ષ બળાત્કાર કરનારનું નામ આપેલ નથી. તેણી પરણીત છે માટે પોતાના પતિ સાથે શરીર સંબંધ બાંધે તો પણ તેણી વર્જીન કહી શકાય નહીં તેમજ તેણી પડી જાય તો પણ તબીબશ્રી સમક્ષ જણાવેલ ઈજા થઈ શકે. આરોપીએજ શરીર સંબંધ બાંધેલ છે તેવો સ્પષ્ટ પુરાવો તબીબશ્રીના પુરાવાથી નીકળી આવતો નથી. આરોપીની શારીરીક ચકાસણી કરનાર ડૉ. આબીદખાન પઠાણના પુરાવા મુજબ આરોપીના શરીરે બાહ્ય ઈજાના કોઈ નિશાન ન હતા. આરોપીએ શરીર સંબંધ બાંધેલ છે તેવું તે ના કહી શકે તેવો સ્પષ્ટ પુરાવો છે. ઉપરાંત ભોગ બનનારના પુરાવા મુજબ સાસુ, સસરા આવી ગયેલ હતા. જયારે અદાલત સમક્ષ તેણીના સાસુ કે સસરા આવેલાની કોઈ જ હકીકત જણાવતા નથી. આ બધા મજુરીએ હતા. સામાજીક કાર્યકર જયોત્સનાબેન ઠાકોરના પુરાવા મુજબ જમાદાર સાહેબે તૈયાર કાગળમાં સહી કરાવેલી. આમ, સામાજીક કાર્યકરનો પુરાવો સમર્થન કરતો નથી. ભોગ બનનારે આરોપીનું નામ ડૉક્ટરને આપ્યું નથી. મકાને એક જ રૂમનું છે, ફરીયાદ પાંચ દિવસ પછી આપી છે અને તેણી લાજ કાઢીને ગામમાં જતી હોય તો આરોપીને કેવી રીતે જુવે અથવા તો ઓળખી શકે. આરોપી બાઈક રીપેર કરવા ફરીયાદીની પાડોશમાં આવતો હતો આવી કોઈજ હકીકત કોઈ સાહેદ કહેતા નથી. આરોપી પક્ષેથી પણ ફરીયાદ પક્ષ ઉપર એટ્રોસીટી એક્ટ હેઠળની ફરીયાદ કરી છે, જે કેસ પેન્ડીંગ છે. આમ, બદલો લેવાની ભાવનાથી હાલની આ ફરીયાદ થયેલ છે જે તદ્દન ખોટી છે. આરોપીએ રેપ દરમિયાન ધમકી આપી છે આવી હકીકતને લગતો કોઈ પુરાવો નથી. જેથી ઈ. પી. કોડની કલમ – ૫૦૬(૨) માની શકાય તેમ નથી. બનાવની હકીકતની જાણ પતિ, સાસુ, સસરાને તેજ દિવસે થઈ ગઈ છે, છતાં પણ સમયસર ફરીયાદ આપતા નથી. જેથી ધમકીનો પ્રશ્ન ઉભો થતો નથી. આમ, એકંદરે આરોપી વિરૂદ્ધ ગુનો પુરવાર થતો ન હોય દોષમુક્ત કરવા માટે ભારપુર્વક દલીલ કરેલ છે.

**// મુદ્દા નં. ૧ થી ૩ //**

(૧૩) ઈ. પી. કોડની કલમ – ૩૭૬ ના ગુનામાં સ્વાભાવિકપણે આ બનાવ નજરે જોનાર કોઈ ન હોય, એકાંતમાં થતુ આ કૃત્ય છે. એકલતાનો ગેરલાભ લેવામાં આવે છે. ભોગ બનનાર બહેનનો પુરાવો વિશ્સવનીય અને ભરોસાલાયક જણાય તો અદાલત એકમાત્ર આ પુરાવા ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકે, અન્ય પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવું જરૂરી નથી. ફરીયાદ મોડી આપી હોય અને તેનો યોગ્ય ખુલાસો થયો હોય તો અદાલત તેના ઉપર આધાર રાખી શકે. બનાવના થોડા દિવસ પછી ભોગ બનનારની શારીરીક ચકાસણી કરવામાં આવતી હોય તે સંજોગોમાં શુક્રાણુની હાજરી ન પણ આવી શકે. આ તમામ હકીકત નજર સમક્ષ રાખી આ અદાલતે આ કેસના પુરાવાની ચર્ચા વિચારણા કરી છે.

(૧૪) સમયના ક્રમમાં તબીબશ્રીના પુરાવાની આસપાસ જ ભોગ બનનારનો પુરાવો રેકર્ડ કરવો જોઈએ, પરંતુ આ કામમાં પંચો, તબીબશ્રીઓ, સામાજીક કાર્યકર, તપાસ કરનાર અમલદારના પુરાવા પછી ભોગ બનનારનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. કારણકે ભોગ બનનારને અવારનવાર સમન્સ કરવામાં આવેલ હતા, પરંતુ તેણી અદાલત સમક્ષ હાજર રહેલ ન હતી. પોલીસ એજન્સી દ્વારા તેણી મળી આવતી નથી, તેણી ઘરે નથી અને તેણીના સાસુ, સસરા સમન્સ ઉપર સહી કરીને સમન્સ પરત કરતા હતા. તેણીના સાસુ, સસરા પણ લાંબા સમય સુધી સમન્સ કરવા છતાં પણ હાજર રહેલ ન હતા. તેણીના સાસુ, સસરાનો પુરાવો થયો અને તે પુરાવામાં તેણી ઘરે નથી અને આણંદ પિયર ચાલી ગયેલ છે તે હકીકત નીકળી આવેલ છે. તેણીના પતિનો પુરાવો રેકર્ડ કરતા એવી હકીકત નીકળેલ કે આ બનાવ પછી તેણી પિયર ચાલી ગયેલ અને અંદાજે એક વર્ષ ઉપરાંતથી તેણી પિયર હતી અને ત્યારબાદ તેણી બનાવવાળા ગામમાં પતિની સાથે રહેવા આવતા, ભોગ બનનારનો પુરાવો છેલ્લે રેકર્ડ થયેલ છે. એ ઉલ્લેખ કરવો પણ જરૂરી છે કે, ભોગ બનનારનું પિયર આણંદ મુકામે છે. જયારે આ બનાવ સિદ્ધપુર તાલુકાના મુડાણા ગામમાં બનેલ છે. ભોગ બનનાર અભણ છે અને અંગુઠાછાપ છે. તેણીને અનેકવખત સમન્સ કરવા છતાં બનાવવાળા ગામમાં રહેતી ન હોઈ અદાલત સમક્ષ સમયસર હાજર રહેલ નહીં અને જે હકીકત આ કામમાં તેણીના પતિના

પુરાવાથી, સાસુ, સસરાના પુરાવાથી અને અદાલત દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ સમન્સથી ફલિત થાય છે.

(૧૫) ભોગ બનનારનો આંક – ૫૬ નો મૌખિક પુરાવો વાંચતા તેણીએ અદાલત સમક્ષ એમ જણાવેલ છે કે, મારૂ પિયર આણંદ મુકામે છે. બનાવના બે વર્ષ પહેલા મારા લગ્ન જીતુજી સાથે મુડાણા ગામમાં થયેલા. મારા પતિને કુલ પાંચ ભાઈઓ છે, જેમાં ચાર હયાત છે. મારા સાસુ, સસરા, પતિ અને પતિના ભાઈઓ છુટક મજુરી કરે છે. હું ભણેલ નથી, અંગુઠાછાપ છું. બનાવ આશરે બે–ત્રણ વર્ષ પહેલા બનેલ. તે દિવસે હું ઘરે એકલી હતી. મારા પતિ, સાસુ, સસરા મજુરી કામે ગયેલા ત્યારે અમારા ઘરથી થોડે દુર રહેતો સેનમા મારા ઘરે આવેલો, મારી પાસે પાણી માંગેલ, હું ઘરમાં પાણી લેવા ગયેલ ત્યારે સેનમાએ ઘરનું બારણું બંધ કરી દઈ, પછી ચાકુ કાઢી મને ધમકી આપેલ. તે મને છેલ્લા રૂમમાં લઈ ગયેલ અને મારી સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધેલો અને એવું કહેલ કે, તારા ઘરવાળાને કહીશ તો તારા ઘરવાળાને મારી નાંખીશ. મારા સાસુ, સસરા આવી ગયેલા અને સેનમા ઘર પાછળથી નાસી ગયેલ, તે નાસી ગયેલ હોય પકડાયેલ નહીં. મારા પતિ ઘરે આવ્યા પછી આ બનાવની હકીકત મે કહેલ. મારા પતિ સેનમાના ઘરે ઠપકો આપવા ગયેલ, ત્યારે સેનમા ઘરેથી નાસી ગયેલ હતો. આ બનાવની પોલીસમાં ફરીયાદ કરેલી, તેમાં મારા અંગુઠાનું નિશાન છે, જે ફરીયાદ આંક – ૩૯ થી આ કામમાં રજુ થયેલ છે.

(૧૫.૧) ભોગ બનનાર એમ પણ જણાવે છે કે, મારી શારીરીક ચકાસણી માટે મને દવાખાને લઈ ગયેલા, ત્યાં મારી શારીરીક ચકાસણી કરેલ. પોલીસે મારી પુછપરછ કરેલી. બનાવ સમયે પહેરેલ કપડા પોલીસમાં રજુ કરેલા જે તેણીએ અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે.

(૧૫.૨) આરોપીની ઓળખ વખતે આરોપીને કસ્ટડીમાંથી કોર્ટમાં લાવેલ ન હતા, પરંતુ આરોપીના વિ. વકીલશ્રીએ ઓળખની તકરાર નથી તેવું અદાલતને જણાવેલ હતું.

(૧૫.૩) આરોપી પક્ષની ઉલટતપાસમાં ભોગ બનનાર જણાવે છે કે, હાલ હું મારા પતિ જીતુજી ઠાકોર જોડે રહું છું. હું છેલ્લા અઠવાડીયાથી મારા પતિ પાસે રહું છું. આ

બનાવ પછી હું મારા પિયર રહેતી હતી. હાલ મારે છ મહિનાનું બાળક છે, જેના પિતા જીતુજી છે. હું વચ્ચેનું એક વર્ષ બીજા વ્યક્તિ સાથે રહેતી હતી. ભોગ બનનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી સાથે મારી મરજીથી શરીર સંબંધ બાંધેલો. ભોગ બનનાર ઉલટતપાસમા એમ પણ જણાવે છે કે, અમારૂ મકાન એક રૂમનું છે, આજુબાજુ બીજા મકાનો છે. ગામડામાં પાંચ-છ વાગે માણસો ખેતરે જાય અને નવ-દસ વાગે ઘરે આવી નાહી, ધોઈ, જમી બપોર પછી ફરીથી મજુરી માટે ખેતર જાય છે. મારી દિકરી બિમાર હોઈ હું મજુરીએ ગયેલ નહીં અને પોતાના મકાનને બે દરવાજા છે, એક આગળ અને એક પાછળ એમ જણાવે છે તેમજ દિયર અને કાકાએ પોલીસમાં બનાવની હકીકત લખાવેલ અને પોતે અંગુઠાનું નિશાન કરેલ તેનો ભોગ બનનારે ઈન્કાર કરેલ છે. તેવો પણ જવાબ આપેલ છે કે, આરોપીએ ખરાબ કામ કરતા પહેલા ધમકી આપેલી અને હું ડરી ગયેલ અને મને અંદર લઈ ગયેલો. એ હકીકતનો ભોગ બનનારે ઈન્કાર કરેલ છે કે, આરોપીને અગાઉ પણ ઘરની બહાર મળતી હતી અને મેં જ આરોપીને સ્વેચ્છાએ ઘરમાં બોલાવેલ અને મારા પતિ આવી જતા ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૫.૪) જોકે એવો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ ચાર-પાંચ દિવસ પછી આપેલ છે. મારા પતિ જીતુજી અને મારા પતિના મિત્ર દશરથજીને આરોપી સાથે ઝઘડો થયેલો. જેથી આરોપીના ભાભીએ મારા પતિ અને દશરથજી ઉપર એટ્રોસીટીની ફરીયાદ આપેલ છે, પરંતુ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બદલાની ભાવનાથી આ બનાવ બન્યો નથી છતાં બળાત્કારની ખોટી ફરીયાદ આપી છે.

(૧૫.૫) ભોગ બનનાર એમ પણ જણાવે છે કે, મને સિદ્ધપુર અને ધારપુર એમ બે દવાખાને લઈ ગયેલ, ત્યારે મારી સાથે સ્ત્રી પોલીસ હતા. બનાવ અગાઉ સેનમા ક્યારેય મારા ઘરે આવેલ નથી, પરંતુ મારા કાકા સસરા બાજુમાં રહેતા હોઈ તેઓનું બાઈક રીપેર કરવા સેનમા આવતો હતો તેનો સ્વીકાર કરેલ છે. બનાવ અગાઉ આરોપી સેનમાને જોયેલ હતો, પરંતુ તેનું નામ ખબર નથી.

(૧૬) આમ, ફરીયાદી/ભોગ બનનારનો ઉપરોક્ત પુરાવો વાંચતા એ હકીકત ફલિત થાય છે કે, બનાવ સમયે તેણી ઘરે એકલી હતી. તેણીના સાસુ, સસરા વિગેરે મજુરી અર્થે ગયેલ હતા અને આરોપીએ આ સમયે આવી પાણી પીવાના બહાને, તેણી પાણી લેવા ઘરમાં

ગઈ ત્યારે ઘરનું બારણું બંધ કરી, બળજબરીથી તેણી સાથે શરીર સંબંધ બાંધેલો અને આ હકીકત ઘરવાળાને કહીશ તો ઘરવાળાને મારી નાંખીશ તેવી ધમકી પણ આપેલી. તેણીની શારીરીક ચકાસણી ધારપુર અને સિદ્ધપુર એમ બે હોસ્પિટલમાં થઈ છે. એવી હકીકત પણ નીકળી આવે છે કે, આરોપીએ ખરાબ કામ કરતા પહેલા ધમકી આપેલી અને તેણી ડરી ગયેલી અને તેણીને અંદરના રૂમમાં લઈ જઈને તેણી ઉપર આરોપીએ બળાત્કાર કરેલો. અગાઉ આરોપીને તેણીએ જોયેલ છે, પરંતુ તેણી નામ જાણતી નથી. નજીકમાં કાકા સસરા રહેતા હોય તેમનું બાઈક રીપેર કરવા માટે આરોપી આવતા હતા. આમ, આરોપીને ચહેરાથી જોયેલ અને ઓળખી શકે અને ગામડાની સ્ત્રી હોય સ્વાભાવિકપણે બાજુના ઘરે આવતી વ્યક્તિનું નામ ન પણ જાણે.

(૧૬.૧) ફરીયાદ મોડી આપવાનું પણ કારણ જણાવેલ છે. તેણીના પતિ અને પતિના મિત્ર દશરથજી બંને આરોપીને ઠપકો આપવા ગયેલ અને તેની સાથે ઝઘડો થયેલ અને તેથી આરોપીના ભાભીએ એટ્રોસીટીની ફરીયાદ આપેલી. જોકે આ બનાવ તા.૧૦/૧૧/૨૦૧૬ ના રોજ બનેલ છે અને આ ફરીયાદ કેસના રેકર્ડ મુજબ તા.૧૫/૧૧/૨૦૧૬ ના રોજ અપાયેલ છે. આ બનાવ બન્યા પછી સ્વાભાવિકપણે પતિ ઠપકો આપવા જાય. આમ, સમયના ક્રમમાં એટ્રોસીટીની ફરીયાદ પ્રથમ આપી હોય તો પણ આ ફરીયાદ મોડી આપવાનું કારણ યોગ્ય અને વ્યાજબી છે. આમ, ટુંકમાં ભોગ બનનારના પુરાવાથી આરોપીએ તેણીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધેલ છે તે હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરે છે.

(૧૭) ભોગ બનનારના આ પુરાવાને તબીબશ્રીના લેખીત, મૌખિક પુરાવાથી સમર્થન પણ મળે છે. ડૉ. હીરલબેન પ્રજાપતિનો આંક – ૨૪ નો પુરાવો વાંચતા તા.૧૫/૧૧/૨૦૧૬ ના રોજ આ તબીબશ્રી સિદ્ધપુર ખાતે ફરજ ઉપર હતા ત્યારે ભોગ બનનાર, ઉ. વ. – ૨૦ ને બપોરના ૩–૫૦ વાગે મેડીકલ તપાસ માટે લાવેલ. જેમાં તેણીએ કેસ હીસ્ટ્રીમાં જણાવેલ કે, " તા.૧૦/૧૧/૨૦૧૬ ના રોજ સવારે દસ વાગે હું ઘરે એકલી હતી બીજા બધા ખેતરે મજુરીએ ગયા હતા, એક ભાઈ મારા ઘરે આવ્યા જેમને હું ઓળખતી ન હતી, તેમને મને પુછ્યું કે તમારા સસરા ક્યાં છે ? અને મે કહ્યુ ખેતરે ગયા છે એટલે એમને

મને કહ્યુ કે, મને એક ગ્લાસ પાણી આપો અને હું અંદર પાણી ભરવા ગઈ તો મારી પાછળ આવ્યા અને હળો વાખી દીધો અને મારી ઉપર જબરજસ્તી કરી અને ચાકુ લઈ મને ધમકી આપી કે, હું કોઈને કહીશ તો મને અને મારા ઘરવાળાને મારી નાંખશે તેમ કહી અડધા કલાક સુધી મારી સાથે મારી મરજી વિરૂદ્ધ શરીર સંબંધ કર્યો, મે બુમો પાડી પણ આજુબાજુ કોઈ હતું નહીં, એટલામાં મારા સાસુ-સસરા આવતા પાછળના દરવાજાથી તે ભાગી ગયો. "

(૧૭.૧) આ તબીબશ્રી વધુમાં એમ પણ જણાવે છે કે, તેણીની સંમતિથી મેં તપાસ કરેલી. જેમાં તેણીની ઉંમર ૨૦ વર્ષ હતી, ત્રણ માસનો ગર્ભ હતો. આ બનાવ પહેલા પતિ સાથે શરીર સંબંધ બાંધેલો હતો અને તા.૧૦/૧૧/૨૦૧૬ ના રોજ સવારે દસ વાગે તેણીના ઘરે ઠાકોર વાસમાં જમીન ઉપર સુતા સુતા રેપ થયેલ છે. તેણી બુમો પાડતી હતી અને રડતી હતી. આ તબીબશ્રીના પુરાવા મુજબ તેણીની શારીરીક તપાસ કરતા નીચે મુજબની ઈજા જણાયેલી.

ઈજા નં. ૧ - ડાબા બાવડાની વચ્ચેના ૧/૩ ભાગે બહારની બાજુ ૩ × ૦.૧ સે.મી. સાઈઝનો આડો રેખીય ઉઝરડો હતો અને તેના પર ભુરાથી કાળા રંગનું સ્કેબ(ઝામુ) હતો.

ઈજા નં. ૨ - ડાબી પીઠના ઉપરના ભાગે ૬ × ૦.૧ સે.મી. સાઈઝનો આડો રેખીય ઉઝરડો હતો અને તેના પર ભુરાથી કાળા રંગનું સ્કેબ(ઝામુ) હતો.

(૧૭.૨) તબીબશ્રીએ એવો અભિપ્રાય આપેલ છે કે, શારીરીક સંબંધ થયેલ ન હતો. જોકે તબીબશ્રીએ એવો પણ અભિપ્રાય વ્યક્ત કરેલ છે કે, શરીર ઉપરની બાહ્ય ઈજાઓ એ શારીરીક બળજબરી કરે ત્યારે થઈ શકે તેમ છે. તેમણે ઓ.પી.ડી. કેસ પેપર્સ, મેડીકલ સર્ટીફીકેટ આંક - ૨૫, આંક - ૨૬ અને આંક - ૨૭ થી રજુ કરેલ છે. જોકે ઉલટતપાસમાં એવો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારે કેસ હીસ્ટ્રીમાં રેપ કરનારનું નામ આપેલ નથી અને બાહ્ય ઈજાઓ વ્યક્તિ પડી જાય તો પણ થઈ શકે.

(૧૮) ત્યારબાદ ડૉ. હીતેશભાઈ ગોસાઈના આંક - ૩૧ ના મૌખિક પુરાવા મુજબ તા.૧૬/૧૧/૨૦૧૬ ના રોજ ધારપુર હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે હતા ત્યારે બપોરના ૧૨-૪૬ વાગે સિદ્ધપુર હોસ્પિટલની રીફર ચીટ સાથે આવતા, ભોગ બનનારની

શારીરીક ચકાસણી કરેલી. જેમાં ભોગ બનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે, "તા.૧૦/૧૧/૨૦૧૬ ના રોજ સવારે આશરે સાડા દસ વાગે અજાણ્યા વ્યક્તિએ તેની ઈચ્છા વિરૂદ્ધ તેની પર રેપ કરેલ છે. આરોપીની ઓળખ પાછળથી તેના સાસુ-સસરાએ કરેલ. "

(૧૮.૧) તબીબશ્રી એમ પણ જણાવે છે કે, તેણીને પાંચ માસનો ગર્ભ હતો. લગ્ન આશરે બે વર્ષ પહેલા થયેલ હતા અને પીઠના ભાગે અને હાથ ઉપર ઘસરકા હતા અને ઓગણીસ અઠવાડીયાનો ગર્ભ હતો. તેમણે આંક - ૩૨ થી મેડીકલ સર્ટીફીકેટ અને આંક- ૩૩ થી રીફર ચીટ સાથે સોનોગ્રાફી અને રેડીયોલોજીસ્ટે આપેલ રીપોર્ટ રજુ કરેલ છે. આ તબીબશ્રી એમ પણ જણાવે છે કે, કેસ હીસ્ટ્રીમાં આરોપીના નામનો ઉલ્લેખ નથી અને વ્યક્તિ પડી જાય તો પણ પીઠ અને હાથના ભાગે ઘસરકા થઈ શકે તેવો અભિપ્રાય આપેલ છે.

(૧૯) ડૉ. આબીદખાન પઠાણના આંક - ૩૪ ના મૌખિક પુરાવા મુજબ આરોપીની શારીરીક ચકાસણી તા.૧૬/૧૧/૨૦૧૬ ના રોજ કરેલ. તેણે કેસ હીસ્ટ્રીમાં જણાવેલ કે, "તા.૧૦/૧૧/૨૦૧૬ ના સવારના ૧૦-૩૦ કલાકે ભોગ બનનાર વા/ઓ. જીતુજી ઠાકોરના ઘરે બાઈના કહેવાથી તેમના ઘરે ગયેલ, ઘરે કોઈ ન હતું અને બાઈની મરજીથી બાઈ સાથે શારીરીક સંબંધ બાંધેલો. "

(૧૯.૧) આ તબીબશ્રી એમ પણ જણાવે છે કે, આરોપીના સેકન્ડરી સેકસ્યુઅલ પુર્ણ રીતે વિકસેલ હતા અને આ વ્યક્તિ શારીરીક સંબંધ બાંધવા સક્ષમ હતો. તેના શરીર ઉપર બાહ્ય ઈજાના કોઈ નિશાન ન હતા અને આંક - ૩૫ થી મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે.

(૨૦) આમ, ત્રણેય તબીબશ્રીઓનો પુરાવો વાંચતા આરોપી શરીર સંબંધ બાંધવા સક્ષમ છે તે હકીકત નીકળી આવે છે. આરોપી ઉ.વ. - ૩૬ નો છે તે હકીકત પણ નીકળી આવે છે. જ્યારે ભોગ બનનાર ૨૦ વર્ષના હતા તે હકીકત નીકળી આવે છે અને ભોગ બનનાર તે સમયે ગર્ભસ્થ હતા તે હકીકત પણ નીકળી આવે છે. ભોગ બનનારે જ તબીબશ્રી સમક્ષ કેસ હીસ્ટ્રી આપેલ છે. જેમાં સવારે ૧૦-૦૦ વાગે પાણી પીવાના બહાના હેઠળ

આરોપી આવેલ અને ઘરનો દરવાજો બંધ કરી, ચાકુ લઈ ધમકી આપી જબરજસ્તી, બળજબરી કરેલાની હકીકત પણ નીકળે છે અને આ શરીર સંબંધ મરજી વિરૂદ્ધ થયેલાની હકીકત પણ નીકળી આવે છે. ઓ.પી.ડી. કેસ પેપર્સ વાંચતા અને ડૉ. હીરલબેનનો મૌખિક પુરાવો વાંચતા રેપના સંપુર્ણ સમય દરમિયાન તેણી બુમો પાડતી હતી અને રડતી હતી. સ્વાભાવિકપણે જો સંમતિથી આ કૃત્ય થયું હોય તો ભોગ બનનાર રડે નહીં અથવા તો બુમો પાડે નહીં. ઉપરાંત બંને વચ્ચે ઉંમરનો તફાવત જોતાં અને તેણી ગર્ભસ્થ છે તે સંજોગોમાં સંમતિથી શરીર સંબંધ બાંધવાનો પ્રશ્ન આ અદાલતના મંતવ્ય મુજબ ઉભો થતો નથી. ડૉ. હીરલબેનનો પુરાવો અને ઓ.પી.ડી. કેસ પેપર્સ મુજબ જમીન ઉપર સુતા સુતા રેપ થયેલ છે તે હકીકત જણાવેલ છે અને તોજ ડાબી પીઠ ઉપરના ભાગે ૬ × ૦.૧ સે.મી.નો ઉઝરડો આવે કે જે જગ્યાએ ભુરાથી કાળા રંગનું ઝામુ થઈ ગયેલ હતું અને ડાબા બાવડાની કોણી ઉપર ૩ × ૦.૧ સે.મી.નો ઉઝરડો આવે કે જે ભુરાથી કાળા રંગનું ઝામુ હતું. આજ હકીકત ડૉ. હીતેશભાઈ ગોસાઈ પણ જણાવે છે કે, પીઠના ભાગે અને હાથ ઉપર ઘસરકા હતા. આમ, બનાવના પાંચ-છ દિવસ સુધી આ ઈજાઓ રહેલ છે તેમ કહેવાય. ટુંકમાં બળાત્કારનું કૃત્ય હતું. આરોપીએ બળજબરી કરી છે તેને બાહ્ય ઈજાઓથી સમર્થન પ્રાપ્ત થાય છે અને બાહ્ય ઈજાથી નીકળી આવે છે. આરોપીની કેસ હીસ્ટ્રી વાંચતા તેણે ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ છે તે હકીકત નીકળી આવે છે. જોકે આરોપીએ કેસ હીસ્ટ્રીમાં એમ પણ જણાવેલ છે કે, ઘરે કોઈ ન હતું અને બાઈની મરજીથી શરીર સંબંધ બાંધેલ, પરંતુ આ પુરાવો કે આ હકીકત એટલા માટે સ્વીકાર્ય નથી કે બંને વચ્ચે પ્રેમસંબંધ ન હતો, પરણીત બાઈ છે અને ગર્ભસ્થ છે. આમ, મરજીથી શરીર સંબંધ બાંધેલાની કેસ હીસ્ટ્રી આ અદાલત સ્વીકારતી નથી. ટુંકમાં આરોપીએ શરીર સંબંધ બાંધેલ છે તે હકીકત આરોપીએ તબીબશ્રી સમક્ષ આપેલ કેસ હીસ્ટ્રીથી ફલિત થાય છે. તબીબશ્રીને આરોપી સાથે કોઈ દુશ્મનાવટ હોય તેવી કોઈ હકીકત નથી. ખોટી કેસ હીસ્ટ્રી નોંધવા માટે તબીબશ્રીને કોઈ કારણ નથી. વધારાના નિવેદનમાં પણ આરોપીએ પોતાની આ કેસ હીસ્ટ્રી ખોટું છે તેમ જણાવે છે. ઉપરાંત બંનેની શારીરીક ચકાસણી દરમિયાન લેવામાં આવેલ સેમ્પલ એફ.એસ.એલ. તરફ મોકલેલ છે. બંનેના કપડા કે જે પંચનામાની રૂએ કબજે કરેલ તે પણ એફ.એસ.એલ. તરફ મોકલેલ છે. એફ.એસ.એલ. રીપોર્ટ આ કામમાં આંક - ૪૮ થી આંક - ૫૦ સુધી રજુ થયેલ છે. તેમાં

ભોગ બનનારની સાડી ઉપરથી રુધિર અને વીર્યની હાજરી મળેલ હતી તેવો ઉલ્લેખ છે અને જે રુધિર " એ " જુથનું હતું. જયારે વીર્ય અનીર્ણીત તેવો અભિપ્રાય આપવામાં આવેલ છે. "એ " જુથનું બ્લડ ભોગ બનનારનું છે તે આંક – ૫૦ ના રીપોર્ટથી ફલિત થાય છે. આમ, એફ.એસ.એલ. રીપોર્ટ પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય છે. ત્રણેય તબીબશ્રીનો પુરાવો ફરીયાદીના પુરાવાને સમર્થન કરે છે. ટુંકમાં ફરીયાદ પક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીએ ભોગ બનનાર ઉપર તેણીની મરજી વિરૂદ્ધ ઘરમાંજ શરીર સંબંધ બાંધેલ છે અર્થાત બળાત્કાર કરેલ છે. જે દરમિયાન તેણીને પીઠ અને હાથના ભાગે શારીરીક ઈજાઓ થયેલ છે. સ્વાભાવિકપણે બનાવના પાંચ–છ દિવસ પછી શારીરીક ચકાસણી થતી હોય તે સંજોગોમાં સ્નાન કરેલ હોય, કપડા બદલેલ હોય, બાથરૂમ ગયેલ હોય અને તેથી વજાઈનલ સ્વોબમાં વીર્યની હાજરી ન પણ આવે, પરંતુ જયારે ભોગ બનનારનો પુરાવો અદાલતને વિશ્વસનીય અને ભરોસાલાયક જણાય ત્યારે અદાલત ભોગ બનનારના પુરાવા ઉપર આધાર રાખી શકે અને આ કામમાં ભોગ બનનારનો પુરાવો અદાલતને વિશ્વસનીય અને ભરોસાલાયક જણાય છે. આરોપીને ખોટી રીતે ગુનામાં સડોવવાનું કોઈ જ કારણ જણાતુ નથી. હકીકતમાં ભોગ બનનાર ઉપર આરોપીએ બળાત્કાર કરેલ છે તે હકીકત નિઃશંકપણે ફરીયાદ પક્ષ પુરવાર કરે છે. ગામડાની સ્ત્રી છે, અભણ છે, અંગુઠાછાપ છે, જે હકીકત પણ અદાલતે નજર સમક્ષ રાખવાની છે. આમ, તેણીનો સમગ્ર પુરાવો વાંચતા પુરાવો વિશ્વાસલાયક અને ભરોસાપાત્ર જણાય છે.

(૨૧) ભોગ બનનારે પુરાવામાં એમ જણાવેલ છે કે, તે મને છેલ્લી રૂમમાં લઈ ગયેલો. ભોગ બનનારના પુરાવાથી તેણીના મકાનને બે દરવાજા છે તે હકીકત નીકળે છે અને આ પુરાવા સાથે ગુનાવાળી જગ્યાનું પંચનામું વાંચવુ જરૂરી છે. જોકે પંચો પંચનામાને સમર્થન કરતા નથી, પરંતુ તપાસ કરનાર અમલદાર પુરાવામા એમ જણાવે છે કે, પંચોની હાજરીમાં પંચનામું કરેલું છે. ગુનાવાળી જગ્યાનુ પંચનામું આ કામે આંક – ૨૨ થી રજુ થયેલ છે. બનાવવાળી જગ્યા સાહેદ હીરાબેન બાબુજીએ બતાવેલ છે કે જે ભોગ બનનારના સાસુ છે. ગુનાવાળી જગ્યાનુ પંચનામું વાંચતા એ હકીકત નીકળી આવે છે કે, ગુનાવાળી જગ્યા ટેકરાવાસમાં જીતુજી બાબુજી ઠાકોરનુ ઘર છે. આ સરકારી રાહતમાં બનાવેલું મકાન છે.

દરવાજાને અંદરથી હડો અને સ્ટોપરવાળો દરવાજો છે. જે બંધ કરવાથી એકદમ બંધ થઈ જાય છે. આ મકાન બે ખંડનું છે. બંને રૂમ એકસરખા માપના છે. આમ, છેલ્લા રૂમમા લઈ ગયેલ તેવી હકીકતને આ પંચનામાથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે. અર્થાત બે રૂમનું મકાન હોઈ, બીજા રૂમમાં લઈ ગયેલ છે તેમ કહેવાય. અંદરથી દરવાજો બંધ થઈ શકે તે રીતનો આ દરવાજો છે. આ પંચનામું જોતા આ મકાનને બે દરવાજા છે. જેમા એક પ્રવેશવાનો અને બીજો એક પાછળના ભાગે છે કે જયાંથી આરોપી ભાગી ગયેલ હતો. ગુનાવાળી જગ્યાનું પંચનામું વાંચતા તેમાં ચતુર્દીશાનુ વર્ણન કરવામાં આવેલ છે તે જોઈએ તો આ મકાનની પુર્વે ખુલ્લી પડતર જમીન આવેલ છે. પશ્ચિમે ૧૦૦ ફુટની ખુલ્લી જગ્યા છે તે છોડીને ૧૦ ફુટનું નેળીયુ કાચુ ટેકરાવાસમાં આવવા જવા માટે છે તથા તે છોડી નારખનજી હમીરજી ઠાકોરનો ખુલ્લો વાડો અને મકાન છે. ઉત્તરે સાહેદ હીરાબેન બાબુજી ઠાકોરનું કાચુ છાપરુ છે અને તે છોડી આશરે ૨૫ ફુટની જગ્યા છે તેમજ દક્ષિણે મફાજી મહાદેવજી ઠાકોરનું મકાન છે. આમ, આ ચતુર્દીશા જોતા પુર્વ અને પશ્ચિમ તરફ ખુલ્લી પડતર જગ્યા છે. નેળીયુ આવેલ છે અને જે નેળીયામાં થઈને આરોપીને ભાગી જવાનો પુરો ચાન્સ છે. ઉત્તરે સાહેદ હીરાબેન બાબુજીનુ કાચુ છાપરુ છે કે જે ભોગ બનનારના સાસુનું છાપરુ છે. બનાવના દિવસે સાસુ, સસરા પણ ઘરે ન હતા તે હકીકત જોતા પુર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં કોઈ ન હતું તેવું કહી શકાય. આમ, તેણીની બુમો કોઈએ ન સાંભળી હોય, તેણી રડતી હતી તે હકીકત જોતાં રડવાનો અવાજ પણ કોઈ ન સાંભળે તે બનવાજોગ છે, કારણકે ત્રણેય દિશાઓ ખાલી અને ખુલ્લી હતી. આમ, ભોગ બનનારના મૌખિક પુરાવાને ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ સમર્થન કરે છે અને પંચનામાની આ હકીકતથી ગુનો બનેલ છે તે જગ્યા અને કેવી સ્થિતિ છે તે હકીકત પણ નીકળી આવે છે. આમ, આ પંચનામું વાંચતા પાછળના ભાગે નીકળવાનો દરવાજો છે જ અને ત્યાં જ આ નેળીયુ પડે છે. ટુંકમાં ભોગ બનનારનો પુરાવો, તબીબશ્રીનો પુરાવો, એફ.એસ.એલ.નો પુરાવો અને ગુનાવાળી જગ્યાનુ પંચનામું વાંચતા ફરીયાદ પક્ષ શંકારહીત કેસ પુરવાર કરે છે.

(૨૨) સામાજીક કાર્યકર, જયોત્સનાબેન કાંતિજી ઠાકોરનો આંક – ૪૧ મૌખિક પુરાવો વાંચતા આ સાહેદ પણ એમ જણાવે છે કે, ભોગ બનનારનું નિવેદન મારી રૂબરૂ

લેવામાં આવેલ. આ નિવેદન વાંચીને મેં સહી કરેલ અને મારી રૂબરૂ પી.એસ.આઈ.ને એવી હકીકત જણાવેલ છે કે, પ્રહલાદભાઈ નામની વ્યક્તિ ઘરમાં પાણી પીવા માટે આવેલી અને તેણી પાણી લેવા જતા, દરવાજો બંધ કરી મારી સાથે શરીર સંબંધ બાંધવાનું કહેતા મેં ના પાડેલી અને મને ધમકી આપેલી અને બળજબરીથી તેણે મારી સાથે શરીર સંબંધ બાંધેલો.

(૨૨.૧) આ સાહેદ ઉલટતપાસમાં એમ જણાવે છે કે, હું ભોગ બનનાર બહેનનું નિવેદન લેવડાવવા પોલીસ સ્ટેશન ગયેલી. ભોગ બનનાર બહેને બનાવની હકીકત મને કહેલ અને મેં આ હકીકત પી.એસ.આઈ.ને કહેલ અને તે હકીકત પી.એસ.આઈ. સાહેબે લખી લીધેલ. આમ, તટસ્થ વ્યક્તિ છે કે જે મહિલા કાર્યકર છે તે સાહેદ જયોત્સનાબેનનો પુરાવો પણ કેસને સમર્થન કરે છે.

(૨૩) ભોગ બનનારની શરીર સ્થિતિ અને તેણીના કપડા કબજે કરતા પંચનામાના પંચ, આરોપીના કપડા કબજે કરતા પંચનામાના પંચ અને ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ આ પંચનામાઓને સમર્થન કરતા નથી, પરંતુ તેથી આ કેસના ગુણદોષમાં કોઈ જ ફેર પડતો નથી.

(૨૪) આ ફરીયાદ લેનાર ડૉ. જીગર ભરતકુમાર પંડીતનો પુરાવો આંક – ૩૮ થી થયેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ સિદ્ધપુર પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને ભોગ બનનારની તેમણે પોતાના રૂબરૂની ફરીયાદ લીધેલ, જે ગુનો રજીસ્ટર્ડ કરવા મોકલી આપેલો અને આંક – ૩૯ ની ફરીયાદ આ સાહેદના પુરાવામાં રજુ થયેલી. આ સાહેદ પોતાની સહી અને ભોગ બનનારના અંગુઠાનુ નિશાન પોતાની રૂબરૂ થયેલ તે હકીકત જણાવેલ છે. જોકે આ પુરાવો તા.૧૬/૦૫/૨૦૧૯ ના રોજ થયેલ છે અને ભોગ બનનારનો પુરાવો તા.૨૦/૦૭/૨૦૧૯ ના રોજ થયેલ. ફરીયાદ લેનાર અધિકારીના પુરાવાથી આ ફરીયાદ રજુ થયેલ છે. કારણકે જે તે સમયે ભોગ બનનાર અદાલત રૂબરૂ અવારનવાર સમન્સ કરવા છતાં પણ હાજર રહેતા ન હોઈ, ફરીયાદ લેનાર પી.આઈ.ના મૌખિક પુરાવામાં ફરીયાદ રજુ થયેલ હતી કે જે ફરીયાદને ભોગ બનનારે સમર્થન આપેલ છે.

(૨૫) તપાસ કરનાર અમલદાર, અલ્પેશકુમાર ત્રિભોવનદાસ પટેલનો મૌખિક પુરાવો આંક – ૪૬ થી થયેલ છે. આ તપાસ કરનાર અમલદારે અદાલત રૂબરૂ વિગતવાર મૌખિક પુરાવો આપેલ છે. આ સાહેદના પુરાવાથી તેમણે તપાસ સંભાળેલી, પંચો રૂબરૂ પંચનામા કરેલ, સાહેદોના નિવેદન લીધેલ, એફ.એસ.એલ. રવાનગી નોંધથી નમુના મોકલી આપેલા ઉપર વિગતવાર હકીકત આદલત રૂબરૂ જણાવેલ છે.

(૨૬) આ ઉપરાંત ભોગ બનનારના સાસુ, સસરા, પતિનો પુરાવો આંક – ૫૨, આંક – ૫૩ અને આંક – ૫૪ થી થયેલ છે. આ પુરાવાથી ભોગ બનનાર બહેને અદાલત રૂબરૂ આપેલ મૌખિક પુરાવાને સમર્થન મળે છે. સાહેદ બાબુજીના પુરાવા મુજબ ભોગ બનનાર બહેને કહેલ કે, બાઈકવાળો ભાઈ ઘરે આવેલો અને મારી ઈજ્જત લીધેલી, જેનું નામ પ્રહલાદ હતું. આજ હકીકત ભોગ બનનાર જણાવે છે કે, મારા કાકા સસરાના ઘરે બાઈક રીપેર કરવા સેનમા આવતો હોઈ તેને હું ઓળખું છે. જોકે આ ત્રણેય સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી, ભોગ બનનારના કહેવાથી જ આ હકીકતની તેમને જાણ થયેલ છે. સાહેદ જીતુજીના પુરાવાથી ભોગ બનનાર હાલ છેલ્લા એક વર્ષ પછી પાછી રહેવા આવેલ છે, તેણી ફોન રાખતી નથી અને આરોપીને પોતે ઓળખે છે અને ભેંસના તબેલામાં મજુરી કરતો હતો અને હું તેમના ઘરે ઠપકો આપવા ગયેલ પણ તે ઘરે હતો નહીં આ હકીકત સાહેદ જીતુજીએ જણાવેલ છે. આ ઉપરાંત તેઓની ઉલટતપાસ ભોગ બનનાર ક્યાં રહે છે, તેણીના પિયર બાબતે અને તેણીના માતા–પિતાના નામ બાબતે થઈ છે. આમ, આ પુરાવો પણ વાંચતા બનાવ બન્યા પછી તુરત ભોગ બનનારે બનાવની હકીકત પોતાના પતિ, સાસુ, સસરાને જણાવી છે તે હકીકત નીકળી આવે છે.

(૨૭) આમ, ફરીયાદ પક્ષ ઉપરોક્ત તમામ પુરાવાથી નિઃશંકપણે એવું પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર બહેનને ધમકી આપેલી અને ધમકી હેઠળ જ તેણીની મરજી અને સંમતિ વિના આરોપીએ ભોગ બનનાર બહેન ઉપર બળાત્કાર કરેલ છે. આમ, ફરીયાદ પક્ષ આરોપી વિરૂદ્ધ ઈ. પી. કોડની કલમ – ૩૭૬, ૫૦૬(૨) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો પુરવાર કરે છે.

(૨૮) આમ, બંને પક્ષના વિ. વકીલશ્રીની દલીલો, રજુ થયેલ લેખીત, મૌખિક પુરાવો વાંચતા ફરીયાદ પક્ષ એ હકીકત પુરવાર કરે છે કે આ કામના આરોપીએ ભોગ બનનાર બહેનને તેણીના પતિને મારી નાંખવાની ધમકી આપેલી તેમજ આરોપીએ ભોગ બનનાર બહેનની મરજી અને સંમતિ વિના શરીર સંબંધ બાંધેલ છે અર્થાત બળાત્કાર કરેલ છે. તેથી ઉપરોક્ત બંને મુદ્દાનો જવાબ " **હા** " માં આપું છે.

(૨૯) આમ, બંને પક્ષના વિ.વકીલશ્રીની દલીલ, રજુ થયેલ લેખીત, મૌખિક પુરાવો ધ્યાને લેતાં આરોપીને આ અદાલતે ઈ. પી. કોડની કલમ – ૩૭૬, ૫૦૬(૨) મુજબના ગુના સાથે સાંકળેલ હોઈ સજા કરતા અગાઉ સજાના મુદ્દે સાંભળવા જરૂરી હોઈ, આરોપીને સજાના મુદ્દે સાંભળવા માટે કેસ મુલતવી રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૧/૦૮/૨૦૧૯.

પાટણ.

**( ભરત એસ. ઉપાધ્યાય )**
સેશન્સ જજ,
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ 00206 )**

(૩૦) આ કામે સજાના મુદ્દા અન્વયે બંને પક્ષની રજુઆત સાંભળી.

(૩૧) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામના આરોપીએ યુવાન સ્ત્રી કે જે સગર્ભા છે, તેણી ઉપર બળાત્કાર કરેલ છે. સમાજમાં દાખલો બેસે તે રીતે કાયદામાં ફરમાવેલ વધુમાં વધુ સજા કરવી જોઈએ. ઉપરાંત દંડ કરી, વળતર પેટે ભોગ બનનારને રકમ આપવી જોઈએ. વધુમાં એવી પણ દલીલ છે કે, આ પ્રકારના ગુનામાં ભોગ બનનારને કુટુંબ તરફથી સાસરીયા તરફથી અને સમાજમાં પણ નીચે જોવું પડે છે, ત્રાસ સહન કરવો પડે છે અને તેણીનો આત્મા મરી જાય છે તેવું કહી શકાય. તેથી સહેજપણ દયા દાખવવા જેવો કેસ ન હોઈ, ઓછામાં ઓછી ૧૦ વર્ષની કેદની સજા અને દંડ કરવો જોઈએ.

(૩૨) જયારે આરોપી પક્ષ તરફથી વિ. વકીલશ્રી એમ.એસ.શેખની મુખ્યત્વે એવી દલીલ છે કે, આરોપી ત્રણ બાળકોના પિતા છે, સૌથી મોટો બાળક પંદર વર્ષનો છે, આરોપીને પત્ની નથી. બાળકો કુટુંબના બીજા વ્યક્તિના સહારે જીવે છે, ગરીબ વર્ગના માણસ છે, મજુરી કરી જીવન પસાર કરે છે. આમ, આ સંજોગો લક્ષમાં લેતાં ઓછામાં ઓછી સજા કરવી જોઈએ. ભોગ બનનાર સગર્ભા હતા આ હકીકત આરોપી જાણતા હોય તેવું રેકર્ડ ઉપર નથી અને વધુ રકમનો દંડ કરવામાં આવશે તો દંડ ભરી શકે તેવી સ્થિતિમાં નથી. સરકારશ્રી તરફથી કાનુની સહાયમાંથી ભોગ બનનાર વળતર આપવામાં વાંધો નથી. આમ, ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે.

(૩૩) બંને પક્ષની રજુઆત જોતાં ભોગ બનનાર બહેન સગર્ભા હતા, આવી હકીકત આરોપીના ધ્યાન ઉપર હોય અને છતાં આરોપીએ આ કૃત્ય કર્યુ હોય તેવું રેકર્ડ ઉપર નથી. આ પ્રકારના ગુનામાં વિ.એ.પી.પી.શ્રીએ સાચી રીતે જ દલીલ કરેલ છે કે, આ ગુનામાં ભોગ બનનાર સ્ત્રી પરણીત હોઈ, સાસરીમાં પણ નીચે જોવાનો વારો આવે, સમાજમાં માનહાની થાય અને આત્મા મરે છે તેમ કહી શકાય. જોકે સામે પક્ષે આરોપીને ત્રણ સગીર બાળકો છે, પત્ની નથી. આમ, બાળકોની માતા નથી અને વધુ સમય જો જેલ કરવામાં આવે તો પિતા

વગરના પણ રહે. હાલે બાળકો બીજાના સહારે જીવે છે અને રહે છે. ત્રણેય બાળકો સગીર છે. જેથી ઓછી સજા અને દંડ કરવા માટેનો આ કેસ છે તેમ જણાય છે. આમ, આ મીટીગેટીંગ સરકમસ્ટન્સીસ ધ્યાનમાં લઈ, મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૩૫(૨) અન્વયે સદર સેશન્સ કેસ નં. ૧૭/૨૦૧૭ ના આરોપી પ્રહલાદભાઈ ઉર્ફે ભટો મફાભાઈ હરીભાઈ સેનમા, રહે.મુડાણા, હરીજનવાસ, તા. સિદ્ધપુર, જી. પાટણવાળાને ઈ. પી. કોડ, ૧૮૬૦ ની કલમ – ૩૭૬, ૫૦૬(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને ઈ. પી. કોડની કલમ– ૩૭૬ મુજબના ગુનામાં ૭(સાત) વર્ષની સખત કેદની સજા કરવામાં આવે છે તથા રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીને ઈ. પી. કોડની કલમ – ૫૦૬(૨) મુજબના ગુનામાં ૧(એક) વર્ષની કેદની સજા કરવામાં આવે છે તથા રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીએ કુલ દંડ રૂ.૧૦,૫૦૦/–( અંકે રૂપિયા દસ હજાર પાંચસો પુરા ) ચુકવવાનો રહેશે. આરોપી પાસેથી સદર દંડની રકમ વસુલ થયેથી પુરેપુરી રકમ ફરીયાદી/ભોગ બનનારને ચુકવી આપવી.

..૨૩.....

(૫) આ કામે મુદ્દામાલ પાવતી નં. ૧૮૨/૨૦૧૬ તથા ૧૮૩/૨૦૧૬ થી કબજે લેવાયેલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી ૫ નો નોન વેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામના આરોપીએ ઉપરોક્ત સજા એક સાથે ભોગવવી.

(૭) ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ – ૪૨૮ અન્વયે આ કામના આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવી.

(૮) ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ – ૩૬૩ અન્વયે આ કામના આરોપીને સદર ચુકાદાની એક નકલ વિના મુલ્યે તાત્કાલિક પુરી પાડવી.

(૯) ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ – ૩૬૫ અન્વયે સદર ચુકાદાની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણ તથા જીલ્લા પોલીસ અધિક્ષક, પાટણને મોકલી આપવી.

(૧૦) ફરીયાદી/ભોગ બનનારને યોગ્ય રકમનું વળતર ચુકવી આપવા માટે ગુજરાત વીક્ટીમ કમ્પેનસેશન સ્કીમ, ૨૦૧૯ અંતર્ગત જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાટણને ભલામણ કરવામાં આવે છે અને સદર હુકમની એક નકલ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પાટણને મોકલી આપવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૧/૦૮/૨૦૧૯.

પાટણ.

**( ભરત એસ. ઉપાધ્યાય )**
સેશન્સ જજ,
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ 00206 )**

( **BKP** )